ઠરાવો KJ-BK-4-1

સં. ૨૦૦૧ના આશોવદ ૧૪-૧૫ રવિવાર તથા સોમવાર ના દીવસે
શ્રી વાઢાંય મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક ભાઈઓ
ની જાહેર સભા ભરવામાં આવી હતી તેમાં કચ્છમાં વસતા જુદા
જુદા ગામના ભાઈઓ માંથી દરેક ગ્રામ દીઠ ૨ થી ૫ પ્રતીનીધીઓ
એ હાજરી આપી હતી અને હાજર રહેલા સુધારક ભાઈઓની
સંમતીથી નીચે પ્રમાણે ઠરાવો કરાવાનુ અને પસાર કરવામાં
આવેલ ~~હતી~~ હતા જેની નોંધ નીચે પ્રમાણે છે.

પીંડરૂ ના સુતક સંબંધી.

૧ બાળકનો જન્મ થયો હોય તેના પીંડરૂનું સુતક નીવારણ
કરવામાટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે કે
બાળકનો જન્મ આપનાર તેની માતા ત્થા પીતા ત્થા તેમના
સાથે એક રસોડે જમનારાઓએ બાળકનો જન્મ થયા પછી
૩૫ મે દીવસે મંદીરમાં બાળકને સાથે લઈને જવું અને
શ્રી ભગવાન નાં દર્શન કરી ગંગાજળ પી પવીત્ર થવું તે સીવાય
ના બાકીના કુટુંબી જનોએ બાળકના જન્મ પછી ૨૦ દીવસે
મંદીરમાં જઈ ગંગાજળ પી ને પવિત્ર થવું દીકરાનો જન્મ
થયો હોય તો શ્રી ભગવાનને ભેટ તરીકે કોરી ૧ એક ધરવી
અને દીકરીનો જન્મ થયો હોય તો ભેટ તરીકે કોરી ના અરધ
ધરવી અને મંદીરના રહેલા ચોપડામાં દીકરો અગર દીકરી
જેનો જન્મ થયો હોય તેનું નામ તથા જન્મની મીતી તથા
તેના પીતાની અટક સહીત લખાવવું જન્મ આપનાર બાળક
ની માતાએ દીવસ ૧૨ બાર સુધી જનરલ વાસણોનું કાર્ય કરવું
નહિ.

૨ ઠરાવ સગપણ સંબંધી.

૧ સગપણ કરતી વખતે છોકરાની ઉમર વરસ ૫ પાંચથી ઓછી
હોવી જોઈએ નહિ તેમ છોકરીની ઉમર વરસ ૩ ત્રણથી ઓછી
હોવી જોઈએ નહિ

૨ સગપણ કરતી વખતે વર પક્ષે કન્યા પક્ષને રોપવાં નંગ ૨
બે તથા ગોળ શેર ૧ા સવા ત્થા કોરી ૧ એક રોકડી આપવાની

૩ સગાઈ કરવા જતી વખતે વર પક્ષ તરફથી કન્યાને કોરીવા
સવા ટાંકું કાઢવાની તથા ચુનડી નંગ ૧ પાલવાળી તેને
પણ સુતરાઉ આપવાની અને સગાઈના જે [illegible] જમાડે

01 and 02 Oct 1944 - Vikram Samvat here is as per Kutchi Calendar (year changes in Ashadh month) i.e., 2001 -VS as per gujarati calendar = 2000 See Umiya Mataji Inauguration Report [211] page 35

01 and 02-Oct-1944, Sun and Mon

KJ- BK-4-1

ઠરાવો

સં. ૨૦૦૧ના આસો વદ ૧૪-૧૫ રવિવાર તથા સોમવાર ના દીવસે શ્રી વાંઢાય મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક ભાઈઓની જાહેર સભા ભરવામાં આવી હતી તેમાં કચ્છમાં વસતા જુદા જુદા ગામના ભાઈઓ માંથી દરેક ગ્રામ દીઠ ૨ પ્રતીનીધીઓએ હાજરી આપી હતી અને હાજર રહેલા સુધારક ભાઈઓની સંમતી થી નીચે પ્રમાણે ઠરાવો સરાવાનુ અને પસાર કરવામાં આવેલ ~~હતી~~ હતા જેની નોંધ નીચે પ્રમાણે છે.

પીંડરૂ ના સુતક સંબંધી.

૧ બાળકનો જન્મ થયો હોય તેના પીંડરૂનું સુતક નીવારણ કરવામાટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે કે
બાળકનો જન્મ આપનાર તેની માતા તથા પીતા તથા તેમના સાથે એક રસોડે જમનારાઓએ બાળકનો જન્મ થયા પછી ૩૫ મે દીવસે મંદીરમાં બાળકને સાથે લઈને જવું અને શ્રી ભગવાન નાં દર્શન કરી ગંગાજળ પી પવીત્ર થવું તે સીવાયના બાકીના કુટુંબી જનોએ બાળકના જન્મ પછી ૨૦ દીવસે મંદીરમાં જઈ ગંગાજળ પી ને પવિત્ર થવું દીકરાનો જન્મ થયો હોય તો શ્રી ભગવાનને ભેટ તરીકે કોરી ૧ એક ધરવી અને દીકરીનો જન્મ થયો હોય તો ભેટ તરીકે કોરી ના અરધ ધરવી અને મંદીરના રહેલા ચોપડામાં દીકરો અગર દીકરી જેનો જન્મ થયો હોય તેનું નામ તથા જન્મની તીથી તથા તેના પીતાની અટક સહીત લખાવવું જન્મ આપનાર બાઈની માતાએ દીવસ ૧૨ બાર સુધી જનરલ રસોડાનું કાંઈ કરવું નહિ.

૨ ઠરાવ સગપણ સંબંધી.

૧ સગપણ કરતી વખતે છોકરાની ઉમર વરસ ૫ પાંચથી ઓછી હોવી જોઈએ નહિ તેમ છોકરીની ઉમર વરસ ૩ ત્રણથી ઓછી હોવી જોઈએ નહિ

૨ સગપણ કરતી વખતે વર પક્ષે કન્યા પક્ષને ટોપરાં નંગ ૨ બે તથા ગોળ શેર ૧ા સવા તથા કોરી ૧ એક રોકડી આપવાની

૩ સગાઈ કરવા જતી વખતે વર પક્ષ તરફથી કન્યાને કોરી ૧ા સવા ટીલું કાઢવાની તથા ચુનડી નંગ ૧ પાલવવા લેઈ નીને પણ સુતરાઉ આપવાની અને સગાઈના જે [illegible] જમાડે

તો વર પક્ષ તરફથી કન્યા પક્ષને કોરી ૨૨ બાર રોકડી આપવાની
અને જમણ ૪ જમાડવું

૪ સગપણ થઈ ગયા બાદ વર પક્ષે કન્યા પક્ષને લગ્ન અગાઉ
આપવાના લાગા ની વીગત -
૬૨ દીવાળીએ કોરી ના અર્ધ તથા દરેક શ્રાવણ મહીનાની વદ ૭
એ કોરી ના અર્ધ તથા સગપણ થયાની પહેલી હુતાશનીએ
કોરી ૨ા સવાબે હાયડાની આપવી બાકીની દરેક હુતાશનીમાં
કોરી ૧ાા દોઢ પ્રમાણે હાયડાની આપવાની ઉપર જણાવેલા
આપવાના લાગા સીવાય બીજી કોઈ પણ જાતની લેતી દેતી
કરવી નહિ તેમજ વળતર પણ કરવી નહિ.

૫ સગપણ થયા પછી એરસે લગ્ન થયા પહેલા છોકરા અગર
છોકરીમાં કોઈ કુદરતી કોઈ ખોડ ખાંપણ જેવું લાગે અને તેના
છેડા-છુટ- કરવા જેવું જણાય તો ~~આ~~ પાંચ ગામના પંચોને
બોલાવી તેમની સંમતીથી તેવી બાબતનો નીકાલ કરાવવો
માત્ર ગામના એક જણે આવી બાબતનો તોડ કરવો નહિ —

૩. ઠરાવ — લગ્ન સંબંધી —

૧ લગ્ન લખતી વખતે લગનના પડામાં કન્યા પક્ષે કોરી ૧ એક
રોકડી નાખવી અને વર પક્ષે કોરી ૧ એક આપીને લગ્ન વધાવવું

૨ આપણી જ્ઞાતિના બાળકોના લગ્ન ૧૬ વરસે કરવા તેમાં છોકરી
ની ઉમર ઓછામાં ઓછી ૫ પાંચ વરસની હોવી જોઈએ તેથી
નાની વયની છોકરીના લગ્ન કરવા નહિ.
અને તેની જાનમાં જનાર માણસોની સંખ્યા ૧૦ દશથી વધુ
હોવી જોઈએ નહિ વર તથા અણવર તથા વરના માતા પીતા
સીવાયના ઉપર જણાવેલા માણસો ૧૦ દશ નક્કી કરવામાં આવેલ છે

૩ લગ્ન વખતે વાયણાની કોરી ૨૫ પચીસ વર પક્ષે કન્યા પક્ષના
પોતાને આપવી

૪ તથા કોરી ૧૬ લાગાઓની નીચે મુજબ આપવી તેની વીગત
કોગળાની (૧) પોંખવાની (૧) પહેલું પહેરીને પગે લાગવાની (૧), છેડા છેડી બાંધવાની (૧)
કુળદેવી ઉમીયા માતાજીની (૧) ફઈને (૨)

૫ કન્યાને વર પક્ષ તરફથી દાગીના આપવા તેની વીગત નીચે પ્રમાણે
(૧) પગના પાની કડલી અથવા છડા (જ) હાથમાં કાંડળા શાંકુ
(૨) ગળામાં મોહીનો હાર

(૩) બાકમાં કુંભની રકમી

૬ લગ્ન કરતી વખતે કન્યાને વર પક્ષ તરફથી નીચે મુજબ કપડા આપવા તેની વીગત

ગાગરો ૧ - ચુદડી ૧ - કમખો અગર પોલકું ૧ આપવું અને ઉપર લખેલા ત્રણે કપડા સુતરાઉ હોવા જોઈએ -

૭ કન્યા પક્ષ તરફથી વરને નીચે પ્રમાણે કપડા તથા વાસણો આપવા તેની વીગત

વરને પુરા થાય તેવા જોડી જેમાં પાટલુન નંગ ૧ ખમીસ ૧ અથવા પહેરણ નંગ ૧ તથા પછેડી નંગ ૧ તથા ટોપી નંગ ૧ તે પણ સુતરાઉ હોવા જોઈએ

૮ કન્યા પક્ષ તરફથી વરને નીચે મુજબ વાસણો આપવા કાંસાની થાળી નંગ ૧ વાટકો કાંસાનો નંગ ૧ વધારે શેરે ૨॥ અથવા ગાળશેરે ૨॥

૯ કન્યા પરણીને જ્યારે વરને ઘરે જાય ત્યારે વરના પીતાએ કોરી ૧ એક પગ લાગવાની આપવી

૧૦ ચોરી બાંધવા માટેના વાસણો પરજાપતી પાસેથી લેવામાં આવે અને તે બદલ તેને તે વાસણો બદલ જે લાગો આપવો પડે તે વર તથા કન્યા પક્ષે બન્ને મળી અડધો અડધ આપવાનો છે લગ્નના કાર્યની સમાપ્તી થયા પછી ચોરીમાં વાપરેલા વાસણો બન્ને પક્ષે અડધો અડધ વહેંચી લેવા

૧૧ લગ્ન કરાવનાર બ્રાહ્મણને વર પક્ષ તરફથી કોરી ૧॥ દોઢ તથા કન્યા પક્ષ તરફથી કોરી ૧, એક બ્રાહ્મણને દક્ષીણાની આપવી

૧૨ ધર્માદા લાગા તરીકે શ્રી ભગવાનને ભેટની વર પક્ષે કોરી ૨॥ અઢી તથા કન્યા પક્ષે કોરી ૧। સવા આપવી

૧૩ કન્યા પરણીને સાસરે ગયા પછી તેને માવીત્રે પાછી લઈ આવવા માટે બે માણસોએ જવું જેનારકે જમણ ૨ બે જમાડવા જેને આણું કહેવામાં આવે છે

૪ ઠરાવ દુજા લગ્ન કરવા સંબંધી

૧ જાનમાં વર તથા અણવર તથા વરના માતાપીતા સીવાય માણસો ૨૦ વીસની સંખ્યા હોવી જોઈએ

૨ જાનમાં ગાડાં ૨ બે થી વધારે લઈ જવા નહિ

૩ જાનને જમણ ટંક ૪ ચાર ના રાખવા

૪ ઉપર લખેલી જાનમાં જનારની સંખ્યા સીવાય વધારે
માણસ જો કોઈ લઈ જાય તો દરેક માણસ દીઠ રૂ. ૧
ની કોરી ૧ એક લેખે કન્યાના પીતાને વરપક્ષના પીતાએ [આપવી]
અને ગાડાં બે સીવાય જો વધારે ગાડાં લઈ જાય તો વર
ના પક્ષના પીતા પોતાના જોખમે લઈ જશે અને તેની ખાવા
પીવાની તથા ઢોર બાંધવાની સગવડ પણ પોતાના હીસાબે
કરવી ઉપર બતાવ્યા પ્રમાણે જાનની સંખ્યા પચીસની જણાવેલી
છે છતાં તે ઉપરાંત માણસો લઈ જનાર પાસેથી રૂ.૧ ની
કોરી ૧ એક લેવાનું ઉપર બતાવવામાં આવ્યું છે તે બાબત
નીર્ણય દેવા કાળને અનુસરી વધઘટ બને પક્ષ વાળાએ
અગાઉથી સમજુતી કરીને નક્કી કરવું

૫ છુટા લગ્ન કરાવનાર વરના પીતાએ આપવાના લાગાની
વીગત નીચે પ્રમાણે

(૧) વાવણા તરીકેની કોરી ૪૦ ચાલીસ આપવાની
(૨) લાગાની કોરી ૬ છ તે નીચે મુજબ આપવી
કુળણાની - પોંખવાની - વરહસુ પહેરાને ફટલાગવાની
(૧) (૧) (૧)
છોડછોડી બાંધવાની - કુળદેવી ઉમીયા માતાજીની - રૂખને
(૧) (૧) (૧)
(૩) મોરી બાંધવા માટે પ્રજાપતી પાસેથી જે માટીના વાસણો
લાવવામાં આવે તેનો જે લાગો થાય તે બને પક્ષે અડધો અડધ [આપવાનો]
(૪) દાગીના નીચે મુજબ આપવા
(૧) પગના કડલાં અથવા છડા (૨) ગળામાં ચાંદીનો હાર
(૩) નાકમાં હેમની વાળી (૪) હાથમાં કાંકણ સાધુ
(૫) કન્યાને વરપક્ષ તરફથી કપડાં નીચે મુજબ આપવાં તેની [વીગત]
(૧) ઘાઘરો ૧ એક (૨) મુંદણી નંગ ૧ એક

(૩) કમખો અથવા પોલકું નંગ ૧ તે ત્રણે કપડાં શુકનવાળુ હોવાં [જોઈએ]
(૬) કન્યા પક્ષ તરફથી વરને કપડાં નીચે મુજબ આપવાં તેની [વીગત]
(૧) પાટલુન નંગ ૧ એક (૨) ખમીશ અથવા પહેરણ નંગ ૧
(૩) પછેડી નંગ ૧ (૪) ટોપી અગર પાઘડી તે પણ શુકનવાળુ [હોવાં જોઈએ]
(૭) કન્યાપક્ષ તરફથી વરને આપવાના વાસણોની વીગત
(૧) કાંસાની થાળી નંગ ૧ (૨) કાંસાનો વાટકો નંગ ૧
(૩) સાકર શેર ૨॥ અથવા ગોળ શેર ૨॥

(૮) કન્યાપરણીને જાની વાસે જાય ત્યારે વેવાસરાએ પગે લાગવાની કોરી ૧ એક રોકડી આપવી

(૯) લગ્ન કરાવનાર બ્રામણને વરપક્ષ તરફથી કોરી પા સવા પાંચ ત્યા કન્યાપક્ષ તરફથી કોરી ૨ા સવા બે આપવાની

(૧૦) ધર્માદા લાગાની વરપક્ષ તરફથી કોરી ૧૫ા સવા પંદર ત્રેર તરાકની શ્રી ભગવાનને શરણે ધરવી અને કન્યાપક્ષ તરફથી કો. પા સવાપાંચ શ્રી ભગવાનને ત્રેર ધરવી

(૧૧) ઉપર જણાવેલ શ્રી ભગવાનને ત્રેર તરાકની રકમ વર પક્ષ તરફથી જે જે કરાવવામાં આવી છે તે કોરી મંદીરમાં આપતી વખતે મંદિરમાં રહેતા ચોપડામાં વરઅને વધુ નું નામ લખાવવું

(૧૨) કન્યાપરણીને સાસરે ગયાપછે કન્યાના માવીત્રોએ દીકરીને પોતાના ઘેર લાવવા માટે જવું જોઈએ જેને આણું કઈવામાં આવે છે તે આણામાં માણસ ૫ પાંચ થી વધુ હોવા જોઈએ નહિ અને જમણ રંક જ માર જમાડવા ——

૫ **આણાં સંબંધી** ——

૧ કન્યાની ઉમર ૧૪ ચૌદ વરસની થાય ત્યારે પડલું લેવાનું તેમાં સાડલો નંગ ૧ રંગીન સુતરાઉ તથા કાંકણ નંગ ૧ એક કેમનું મઢેલું તે સાસરા પક્ષે આપવું

૨ પડલું આપવા આવનાર જણ ૧ તથા સાથે છોકરું ૧ સાથે જવું ને જમણમાં રંક જ માર જમાડવા

૩ કન્યાની ઉમર ૧૫ પંદર વરસની થાય એટલે પડલાં આપવાને બીજે વરસે આણું વાળવું અને ત્યાર પછી ૧૬ સોળમે વરસે ત્રીજું આણું મોકલવી અને તેજ વરસની શ્રાવણ વદ ૭ પછી કઈમના માટે ભાઈને પોતાના સાસરે મોકલી આપવી

૬ **પુન લગ્ન સંબંધી** ——

આપણી જ્ઞાતીમાં પુન લગ્ન કરવાની લેવી દેવીનો નીર્ણય નીચે મુજબ કરવામાં આવેલ છે

૧ સગપણ કરતી વખતે પાંચીયો ૧ એક જે સગપણ નકી થવા બદલ દીકરીના કુટુંબીજનોના હાથે દેરવવામાં આવે છે તે પાંચીયો વર પક્ષવાળાએ આપવો

૨ પુન લગ્ન નકી થતી વખતે પરણાવી દેવામાં આવે છે તે માટે કોરી ૫ પાંચથી અંદર કરવી જોઈએ ને તે પણ વર પક્ષવાળાએ આપવી

૩ દાગીના મુકાવવા આવતી વખતે વર પક્ષ તરફથી જણ બે
બે આવવું તે વખતના જમણ બદલ વર પક્ષ તરફથી
કોરી ૨૫ પચીશ આપવી

૪ લગ્ન કરવા આવતી વખતે ગાડાં ૨ બે તથા ગોર તથા બ્રાહ્મણ-
પર સીવાય માણસ ૨૦ વીશ લાવવા અને સાંજના જમી
લગ્ન વીધી બ્રાહ્મણના હાથે કરાવીને રાત્રીના પરઢીયે
દીકરીને વીદાય કરાવવી

૫ પરણવવા આવનાર વર પક્ષના પોતાએ પાઘા ખર્ચ
માટે નીચે મુજબ આપવું
બીબડી સૈ-૨ બે તથા ગરથ માણ ૧ એક આપવું

૬ પુનલગ્ન ની વીધી કરનાર બ્રાહ્મણને દક્ષીણા બદલ કોરી
૪ા સાડી તથા જમણમાં બીબડીનો સીધો આપવો

૭ પુનલગ્ન ની વીધી પુરી થયા બાદ ભગવાનને નૈવેદ તરીકે
વર પક્ષે કોરી ૧ાા સવા દરે આપવી

૮ પુનલગ્નના સંબંધમાં જગપણ કરવાની શરૂઆતથી તે
લગ્ન સંપુર્ણ થઈ જ્યા સુધીમાં ઉપર જણાવ્યા પ્રમાણેની
લેતી દેતી કરવાની છે તે સીવાય બીજા કોઈ પણ જાતની
રોકડ અથવા કોઈ પણ વસ્તુની લેતી દેતી જાહેર અથવા
ખાનગીમાં કરશે તો સમાજ નો ગુનેગાર ગણાશે

૭ પીઆતર સંબંધી

૧ આપણી જ્ઞાતીની બહેન અથવા દીકરીને ત્યાં પુત્ર અથવા
પુત્રીનો જન્મ થાય તો તેને પીઆતર આપવાનો રીવાજ
છે તે પીઆતર આપવા માટે દીકરીના માવીત્રોએ ભાઈ
તથા જમાઈને પોતાને ઘેરે બોલાવીને પોતાની શક્તિ
અનુસાર જે આપવા ઈચ્છા હોય તે તેમને આપીને પોતાને
ઘેર વીદાય કરવાં અને તે નીમીતે સાડલા વગેરે જે પહેરા
મણીની પ્રથા હતી તે બંધ કરવામાં આવે છે પરંતુ દીકરી
ના મામાઓ તથા ફઈઓ તથા માસીઓ વગેરેને તે
ટાઈમે જે ઈચ્છા હોય તે દીકરીના માવીત્રોને ત્યાં મોક
લાવી આપવું

૮ અગ્નીસંસ્કાર સંબંધી

૧ આપણી જ્ઞાતીના કોઈપણ ભાઈ અથવા બહેનનું અવસાન થાય તો તેની ઉમ્મરે પચાંસ વરસથી ઉપરની હોય તો તેને ફરજીયાત અગ્ની સંસ્કાર કરવો અને પચાંસ વરસ થી નાની વયનું બાળક હોય તો તેને ભોમી દાગ કરવો

૨ મરનારની પછવાડે એક દીવાને બારસની ક્રીયા બ્રામણને હાથે કરાવવી અને તે ક્રીયા કરાવનાર બ્રામણને દક્ષીણાની કોરી પા સવા પાંચ આપવી અને મરનારના આત્માના ઉધાર અર્થે મરનારની વય ૩૦ ત્રીશથી ઉપરની હોય તો ભગવાનને ભેટ તરીકે કોરી ૨૫ પચીશ આપવી અને વરસ ૨૦ થી ૩૦ વીસથી ત્રીસની અંદર નો હોય તો ભગવાનને ભેટ તરીકે કોરી પા સવા પાંચ આપવી તેથી નાની વયનાની કોરી ૧ા સવા આપવી

૩ તે શીવાય મરનારના સમર્પણ અર્થે તેનું બીછાનું ૧ એક થાળી ૧ એક તથા વાટકો ૧ એક તે પણ મંદીરમાં આપવું

૪ બારસની ક્રીયા સંપુર્ણ થાય તે દીવસે બની શકે તો બ્રામણ અગર અતીતોને યથાશક્તિ અનુસારે જમાડવા અને સાથે મરનારના કુટુંબની નીયાણી પાંચથી સાતને જમાડવી

૫ બ્રામણો અગર અતીતોને જમાડવા જેટલી શક્તિ ન હોય તો પણ નીયાણી પાંચથી સાત જરૂર જમાડવી અને બારસની ક્રીયા કરનાર બ્રામણને સીધો આપવો

૯ શ્રાધ ક્રીયા સંબંધી

૧ મરનારની શ્રાધ ક્રીયા હીન્દુ શાસ્ત્રો નીયમ અનુસાર અવસાનની તીથીએ મડસા પહોરે સવાર [illegible] અને તે દીવસે જે રસોઈ કરી હોય તેમાંથી કુતરાંઓને તથા કાગડાઓને તથા ગૌગ્રાસ તથા પીતૃનો ભાગ આપી પોતાના કુટુંબની નીયાણીઓ જમાડવી તેથી વધારે કોઈની ઇચ્છા હોય તો તેણે બ્રામણો અગર અતીતોને જમાડવા અને નીયાણીઓને દક્ષીણા આપવી અને મંદીરમાં દીવસના દુરા ત્રણ મુકવા

૧૦ આપણી જ્ઞાતીની કોઈ પણ બાઈનું પોતાના સસરાંને ત્યાં
અવસાન થાય તો તે બાઈને માવીત્રો તરફથી દાનમાં
જે કંઈ દર દાગીનો અથવા કપડાં લત્તાં તથા વાસણ બેગરે
જાનવર વગેરે જે કંઈ કન્યાર્પણ આપેલ હોય તેમાંથી કોઈ
પણ ચીજ પાછી લેવી ~~નહિ~~ નહિ

૧૧ રજસ્વલા ધર્મ સંબંધી

આપણી જ્ઞાતીની બહેનોએ રજસ્વલા ધર્મ હીન્દુ શાસ્ત્રો
ના નીયમો પ્રમાણે બાર જ દીવસ પાળવો જોઈએ પરંતુ
આપણી જ્ઞાતી ખેતી કરે તેમજ મહેનતુ હોવાથી ત્રણ
દીવસ તો ફરજીઆત પાળવો અને તે ત્રણ દીવસમાં ખેતી
ના કામ સિવાય બીજું રસોડાનું કામ કંઈ પણ કરવું નહિ
અને સાત ૭ દીવસ સુધી ભગવાનના મંદીરમાં જવું નહિ.
આ ઠરાવનો ભંગ કરનાર બાઈ પાસેથી ધર્માદા ની કોરી
૧ સવા લેવામાં આવશે

૧૨ ધર્માદા લાગા સંબંધી

૧ ધર્માદા તરીકે દશોંદ વીશોંદના લાગાઓ જેવી રીતે આ
ગળ દરેક ગામના બંધારણ મુજબ અપાય છે તેમાં
બનતી કોશીશે વધારો કરી ખેડુત અગર કારીગર
યા મજુરી ભાઈઓએ આપવા

૨ કોઈ પણ ગામની અંદર ધર્માદા આપવાનું બંધ કરેલ છે
તેવું આ સમાજને જાણ થતાં તથા ભાઈઓને આ
સમાજ જરૂર પુછી શકશે અને ધર્માદાના લાગા તરીકેની
રકમો લેવા ફરજીયાત ઓર્ડર કરશે

૧૩ (ઉજમણી સંબંધી

દરેક વરસની શ્રાવણ વદ ૬ છઠના અરસામાં પોત પોતાના
ગામમાં બધા ભાઈઓના સંમંતથી પ્રીતી ભોજન કરવું
અને તેવું કરેલું જમણ કાચાં હોતો પણ કોઈને આપવું નહિ
પણ સાથે બેસીને જમવું

૧૪ દરેક ગામમાં જ્ઞાતી પંચના ધર્માદા પૈસા જુદી જુદી
રીતે ધર્માદા લાગા તરીકે ભેગા કરવામાં આવે તેનો હીસ

(1 KJ-BK-4-9

આપવાનો હીસાબ દરેક સાલના શ્રાવણ વદ ૫ દીન સુધીમાં નકી કરી કુલ ધર્માદાની વાર્ષીક આવક જેટલી જે ગામની થાય તેમાંથી દરેક ગામ વાળાઓએ દર સેંકડે કોરી ૧૦ દશના હીસાબે જ્ઞાતી પંચની રકમ જે અમાનતી પાસે રાખવામાં આવી હોયે તેને શ્રાવણ વદ ૧૧ અગાઉ મોકલી આપવી અને તે મોકલેલી રકમની પહોંચ સભાના સેક્રેટરી પાસેથી મેળવવી

૧૫ ઉપર જણાવેલા ઠરાવો ૧૪ મોદનું પાલન કરવા તથા કરાવવા માટે નીચે જણાવેલા નામો વાળા ભાઈઓની એક કમીટી નીમવામાં આવી છે

સભ્યોનાં નામ

૧ (૧)વીરાણી (૧) ભીમજી પ્રેમજી નાકરાણી (૨) રતનશી ભાઈ ભીમજી
" (૩) અરજણ ભાઈ પબા (૪) લખમણ ભાઈ લાલજી
" (૫) મેઘજી ભાઈ લખમશી
(૨)નખત્રાણા (૬) રામજી જેઠા સેંઘાણી (૭) નાનજી પુંજા કેશરાણી
" (૮) વાલજી વીરરામ મુખી (૯) દેવજી કેશરા પટેલ
" (૧૦) ~~[illegible]~~ કાનજી રામજી નાથાણી (૧૧) નારાણ રામજી પાંચાણી
" (૧૨) પેથા મુળજી કેશરાણી (૧૩) નથુ નાનજી કેશરાણી
" (૧૪) ભાણજી પચાણ કેશરાણી
(૩)કોટડા જડોદર (૧૫) લધા ભાઈ પચાણ નાકરાણી (૧૬) હીરજી લાલજી વેલાણી
" (૧૭) જયરાજ દેવજી પોકાર (૧૮) ભીમજી કેશરા લીંબાણી
" (૧૯) નારાણ ભાણજી ડવેલાણી
(૪)મથલ (૨૦) પરબત લખુ પટેલ (૨૧) ધનજી માકાણ
(૫)ખોંભડી (૨૨) નારાણ શીવજી વાગડીઆ

(૬)ઢેરસીસા (૨૩) રામજી વસ્તા (૨૪) રામજી લાલજી
" (૨૫) પરસરામ દીવાળ (૨૬) રામજી રતના
" (૨૭) પરસરામ હીરજી
(૭)માનકુવા (૨૮) જીવરાજ હીરજી
(૮)વેરસલપુર (૨૯) કાનજી ગોપાલ મુખી (૩૦) ધનજી મનજી
(૯)સાંયરા (૩૧) રવજી હીરજી પોકાર (૩૨) હીરજી લધા રામાણી
" (૩૩) હીરજી મુળજી
(૧૦)કોડાય (૩૪) પરશરામ મેઘજી ભુત્તા (૩૫) નાનજી લધા

૧૦ KJ- BK-4-10

(૧૧) રાયણ (૩૬) કાનજી હીરજી

(૧૨) ધરાવણા (૩૭) વેલજી પ્રેમજી (૩૮) વાલજી મનજી

(૧૩) નવાવાસ (૩૯) અરજણ ગોપાલ (૪૦) પુંજા રામજી

(૧૪) દેશલપુર (૪૧) લાલજી કરશન (૪૨) ભીમજી વસ્તા

(૧૫) ભીમાપુર (૪૩) દાના પેથા

(૧૬) રામપુર (૪૪) લધા ભાણજી (૪૫) કરશન દેવજી

(૧૭) ખીડુંઈ (૪૬) શીવજી મેઘજી (૪૭) અરજણ કાનજી

(૧૮) કોટડા ખીડોઈ (૪૮) શીવજી રામજી

(૧૯) નથોવાસ (૪૯) કરશન નથુ

(૨૦) જુનો વાસ (૫૦) કરશન રવજી (૫૧) લાલજી વશરામ.

(૧૬) ઉપરે જણાવેલ સભ કમીટીના સભ્યો પૈ માંથી નીચે જણાવેલ નામવાળા ભાઈઓની કાર્યવાહક કમીટીની નીમણુક કરવામાં આવી છે તેનાં નામ નીચે પ્રમાણે

(૧) પ્રમુખ- ભાઈ રતનશી ભીમજી વીરાણી.

(૨) ઉપપ્રમુખ- પટેલ નારાણ રામજી પોખાણી નખત્રાણા

(૩) ખજાનચી- ભાઈ ભીમજી કેશરા લીંબાણી. કોટડા જડોદર

(૪) સેક્રેટરી - પટેલ નથુભાઈ પ્રિ. નાનજી કેશરાણી નખત્રાણા

(૫) સભ્યો- નારાણભાઈ ભાણજી ડોશાણી કોટડા જડોદર

(૬) ” પરબત ભાઈ લધુ પટેલ. મથલ

(૭) ” શીવજી ભાઈ મેઘજી પટેલ. ખીડોઈ

(૮) ” નારણજી ભાઈ રામજી સાંઈર ખીડોઈ કોટડા

(૯) ” દેવજી ભાઈ લાલજી માનકુવા

(૧૦) ” દેવજી ભાઈ લધા રામાણી સોધરા

(૧૧) ” વશરામ ભાઈ શીવજી ગઢશીશા

(૧૨) ” લાલજી ભાઈ કરશન દેશલપુર

(૧૩) ” લધા ભાઈ પચાણ કોટડા જડોદર

(૧૭) ઉપરની કાર્યવાહક કમીટીના સભ્યોમાંથી હાલીમાં સનાતન ધર્મનો પ્રચાર અને ઉપર જણાવેલા ઠરાવો દરેક ગામમાં સભા ભરી અને સમજાવી પ્રચાર કરવા માટે નીચે જણાવેલા નામ વાળા ભાઈઓને નીમવામાં આવે છે

વીરાણી- ભીમજી ભાઈ પ્રેમજી

” - રતનશી ભાઈ ભીમજી

વીરાણી - લધાભાઈ વીશ્રામ
,, - નારણભાઈ લાલજી
,, . લધાભાઈ કાનજી પોકાર
નખત્રાણા - પટેલ નથુભાઈ ચિ. નાનજી કેશરાણી
,, - પટેલ જીવાભાઈ કાનજી રાંભાણી
,, પટેલ કાનજીભાઈ અખજી નાથાણી
,, પટેલ દેવજીભાઈ કેશરા વૈયાણી
,, પટેલ રામજીભાઈ જેઠા સેંગાણી.
,, પટેલ રામજીભાઈ કેશરા ડીમાણી.
,, પટેલ ભાણજી ભાઈ પમાણ નાકરાણી.
ફોટડા જડોદર પટેલ લધાભાઈ પમાણ નાકરાણી
,, પટેલ નારાણભાઈ ભાણજી દાવાણી
,, પટેલ જયરામભાઈ દેવજી પોકાર
,, પટેલ પમાણભાઈ વાલજી દીવાણી.
સોડવા. પટેલ હરજીભાઈ લધા રામાણી
ગઢશીશા પટેલ રામજીભાઈ લાલજી
મથલ પટેલ પરબતભાઈ લખુ
,, પટેલ ધનજીભાઈ માકાણ

૧૮ આ સમાજની હેડ ઓફીસ નખત્રાણા મુકામે રાખવી અને સમાજની લગતી કોઈપણ જાતની પુછપરછ તથા નવીન ખબર મોકલવા તથા ફંડ વગેરેની બાબત જાણવા માટે સમાજના કાર્યવાહક મંડળ સેક્રેટરી તરીકે નીમણુંક કરેલ ભાઈ નથુ ચિ. નાનજી કેશરાણીને સરનામે પત્ર વહેવાર કરવાથી અગર રૂબરૂ પુછવાથી ખબર મળી શકશે સમાજના ચાલતા કામકાજ અંગેના થતા ખર્ચમાં કોરી ૧૦૦) એકસો કોરીના ખર્ચની સત્તા સેક્રેટરીને સોંપવામાં આવી છે અને સો કોરી ઉપરાંત ત્રણસો કોરી સુધીનું કોઈ કાર્ય કરવાનું આવી પડે તો પ્રમુખ અને ઉપ-પ્રમુખ તથા ખજાનચી તથા સેક્રેટરીની સંમતીથી કરી શકાશે તેથી વધારે ખર્ચ કરવા જેવી કોઈ પણ બાબત આવે તો કાર્યવાહક કમીટીની ~~નીમણુંક~~ મીટીંગ બોલાવી તેમની પરવાનગી મેળવી કરી શકાશે